નં.આરટીઆઈસેલ/૪૩

તા.૫ –૫–૨૦૧૬

## <u>નોંધ:–</u>

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગર દ્વારા તા. ૧૮–૫–૧૫ ના નોટીફીકેશનથી જાહેર કરેલ જાહેર સેવાઓની બાબતમાં ઉપયોગ /ઉપભોગકર્તાને Electronic mode માં Status of application Service ઉપલબ્ધ કરાવવાની છે. જેના અનુસંધાને આરટીઆઈ સેલ દ્વારા આરટીઆઈ હેઠળની અરજીઓનું સ્ટેટસ અરજદાર જાણી શકે એ માટેનો પ્રોગ્રામ બનાવવામાં આવેલછે જેમાં (૧) કોમ્પ્યુટરાઈઝડ આઈ.ડી. નંબર પ્રમાણે (૨) બી.પી.એલ કાર્ડ નંબર પ્રમાણે અને (૩) મોબાઈલ નંબર/કોન્ટેક નંબરના આધારે સ્ટેટસ જાણી શકાય છે. સુરત મહાનગરપાલિકામાં સ્ટેટસ અંગેનો પ્રોગ્રામ સૌ પ્રથમ શરૂ કરનાર આરટીઆઈસેલ છે.જે ગૌરવ લેવા જેવી બાબત છે. જેના સફળતાપૂર્વકના અમલીકરણ માટે નીચે જણાવેલ સુચનાઓનુ **ચુસ્તપણે પાલન** કરવા તમામ જાહેર માહિતી અધિકારી/અપીલ અધિકારીઓને જણાવવામાં આવે છે

(૧) બી.પી.એલ. અરજદારના કિસ્સામાં મૂળ અરજી મેળવનાર જાહેર માહિતી અધિકારીએ બી.પી.એલ કાર્ડ નંબર (પંદર આંકડા) ની એન્ટ્રી ફરજીયાત કરવાની રહેશે. આ માટે પ્રોગ્રામમાં જરૂરી પ્રોવિઝન કરવામાં આવેલ છે. આ એન્ટ્રી કરતી વખતે પંદર આંકડાની સળંગ એન્ટ્રી કરવાની રહેશે. કોઈપણ આંકડા વચ્ચે સ્પેસ છોડવાની નથ. (દા.ત. ૧૨૩૪૫૬૭૮૯૦૨૨૩૩૪)

(૨) અત્રે અનુભવે એ પણ ધ્યાને આવેલ છે કે અત્રેના પત્ર નં. આરટીઆઈસેલ/૨૦૨ તા. ૬–૮–૧૫ થી અરજદાર દ્વારા મળેલી આરટીઆઈ હેઠળની **અરજી/અપીલમાં**, તબદીલીના કિસ્સામાં 'નમૂના–ઘ ' માં ઉપરાંત અરજદાર સાથેના તમામ પત્રવ્યવહારમાં કોમ્પ્યુટરાઈઝડ આઈ.ડી. નંબર ફરજીયાત દર્શાવવા અત્રેથી આપવામાં આવેલ સૂચનાનું સંપૂર્ણ પાલન કરવામાં આવતું નથી. અરજદારને અરજીનું સ્ટેટસ જાણવા માટે કોમ્પ્યુટરાઈઝડ આઈ.ડી. નંબરનો વિકલ્પ પણ આપવામાં આવેલ છે આથી ઉપરોકત પત્રમાં જણાવેલ સુચનાની અમલવારી ન થવાથી અરજદારને સ્ટેટસ જોવામાં પડનાર મુશ્કેલી અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે લાગત જાહેર માહિતી અધિકારી/અપીલ અધિકારી/ખાતાધિકારીશ્રીની રહેશે.

(૩) મૂળ અરજી મેળવનાર જાહેર માહિતી અધિકારી દ્વારા અરજીની કોમ્પ્યુટરાઈઝડ તબદીલીની સાથે સાથે ભૌતિક તબદીલી પણ દિન–પ માં અવશ્ય કરવાની રહેશે અને તબદીલી મેળવનાર જાહેર માહિતી અધિકારી દ્વારા તેનો ભૌતિક નિકાલ કરવામાં આવે ત્યાં સુધી રાહ જોવાને બદલે તાકીદે કોમ્પ્યુટરાઈઝડ પ્રોગ્રામમમાં રીસીવ્ડ કરી અરજી ' Save' કરવાની રહેશે અને ભૌતિક નિકાલ થયેથી તેનો કોમ્પ્યુટરમાં પણ નિકાલ દર્શાવવાનો રહેશે. **તબદીલી મેળવનાર જાહેર માહિતી અધિકારી જયાં સુધી આ અરજી રીસીવ્ડ કરશે નહી ત્યાં સુધી સ્ટેટસના પ્રોગ્રામમમાં તેનું સ્ટેટસ બતાવશે નહી.** તેમ કરવામાં નિષ્ફળ ગયેથી વિકસાવેલ એપ્લીકેશન સફળ થશે નહી તેટલું જ નહી પરંતુ તેને કારણે સુરત મહાનગરપાલિકાની પ્રતિષ્ઠા ખરડાવાની પણ સંભાવના રહે છે.

(૪) બીપીએલ કાર્ડ નંબરની જેમ મોબાઈલ નંબર /કોન્ટેક નંબરની એન્ટ્રી પણ ફરજીયાત કરવાની રહેશે. આ એન્ટ્રી કરતી વખતે પણ બીપીએલ કાર્ડ નંબરની જેમ જ કોઈપણ આંકડા વચ્ચે સ્પેસ છોડવાની નથી (દાત. ૯૭૩૪૩૩૧૭૩૮, ૨૬૧૨૪૨૩૭૫૦, ૨૪૨૨૨૮૫)

ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ માં આરટીઆઈ હેઠળની અરજી માટેનો નમૂનો–કમાં ટેલીફોન નંબર (કચેરી), (નિવાસ) અને મોબાઈલ નં. (હોય તો) અંગેની માહિતી અરજદારે દર્શાવવા અંગેની કોલમો આપવામાં આવેલ છે. અને મોટાભાગના અરજદારો દ્વારા મોબાઈલ નંબર પણ દર્શાવવામાં આવે છે. તેમ છતાં જો અરજીમાં મોબાઈલ નંબર/કોન્ટેકનંબર દર્શાવેલ ન હોય તેવા કિસ્સાઓમાં અરજદારો **દ્વારા રજુ કરવામાં આવતા નમૂના–ક સાથે વધારામાં નીચે મુજબની વિગતનો સમાવેશ અલગ પાવતી સ્વરૂપે કરી અરજી રીસીવ્ડ કરતી વખતે તેમાં પણ અરજદારની સહી મેળવવાની રહેશે.**

સુરત મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલ સ્ટેટસ અંગેના પ્રોગ્રામમમાં એક વિકલ્પ તરીકે મોબાઈલ /કોન્ટેક નંબર પણ જરૂરી છે એની મને સમજ આપવામાં આવી છે. તેમ છતાં મે મારી અરજીમાં મોબાઈલ/કોન્ટેક નંબર દર્શાવેલ નથી. આથી મોબાઈલ નંબરના વિકલ્પ દ્વારા અરજીનું સ્ટેટસ જોવા મળશે નહી તે અંગેની કોઈ જવાબદારી કચેરી/સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

અરજદારની સહી ........................................

તા. ..................................

આ વિગતો અંગેનો રબર સ્ટેમ્પ બનાવવાનો રહેશે અથવા પ્રેસમાં છપાવીને તૈયાર કરવામાં આવેલ કાગળની પ્રિન્ટ નમૂનો–ક ની સાથે અલયાદી સામેલ કરવાની રહેશે.

૩.

વધુમાં માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ અંગેનાં ચુકાદાઓનો સંક્ષેપ સારસંગ્રહ ' Gist of 101 RTI Judgements- SHATDAL Book ' **સુરત મહાનગરપાલિકાની ઈન્ટ્રાનેટ 10.11.1.9 ઉપર Imp Circulars માં સુરત મહાનગરપાલિકા, આરટીઆઈ સેલ દ્વારા બહાર પાડવામાં આવેલ નોંધ/પરીપત્રો**માં અ.ન. ૫૬ થી મુકવામાં આવેલ છે. તથા આરટીઆઈ એકટ–૨૦૦૫ ની કલમ–૪ (૧) (ખ) અન્વયે ૧થી ૧૭ મુદ્દની માહિતી 'પ્રોએકટીવ ડિસ્કલોઝર' ગુજરાત માહિતી આયોગનો ફરીયાદ નં. ૧૯૨/૨૦૧૨, ૧૯૩/૨૦૧૨ અને ૫૮૮/૨૦૧૨ થી ૧૩૨૩/૨૦૧૨ અંગે તા.૪–૯–૧૨ નો **ખૂબ જ મહત્વનો** હુકમ સુરત મહાનગરપાલિકા ની વેબ સાઈટ 10.11.1.8 ઉપર INFORMATION ના શિર્ષક હેઠળ RTI માં Reports and Circulars માં સુરત મહાનગરપાલિકા, આરટીઆઈસેલ દ્વારા બહાર પાડવામાં આવેલનોંધ/પરીપત્રોમાં અ.ન. ૧૮ થી મુકવામાં આવેલ છે. જેનો પણ સંદર્ભ કરવા જણાવવવામાં આવે છે.

સહી/–
(એસ. એન. મહેતા)
ડેપ્યુટી કમિશ્નર (ફા.)
અને નોડલ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફર્મેશન સેલ
સુરત મહાનગરપાલિકા

નકલ રવાનાઃ–(૧) તમામ વિભાગીય વડાશ્રીઓ/ઝોનલચીફશ્રીઓ/કાર્યપાલક ઈજનેરશ્રીઓ/તમામ ખાતાધિકારીશ્રીઓ પ્રતિ... જાણ તથા તાબાના સ્ટાફને તે મુજબ અમલ માટે સુચિત કરવા સારું.
(૨) તમામ અપીલ અધિકારીશ્રીઓ/ જાહેર માહિતી અધિકારીશ્રીઓ પ્રતિ.... જાણ તથા અમલ કરવા સારું.